# રીલાયન્સ સર્કલ પાસે પડેલા ખાડા ઉપર તંત્રના નિરર્થક થીગડાં

## ત્રણવાર થીંગડા માર્યા છતાય પરિસ્થિતિ યથાવત, ગુણવત્તા વગરની મરામતથી નાણાંનો વ્યય, ભરચક ટ્રાફીક દરમ્યાન આ ખાડો અકસ્માત નોંતરશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના ઝડપી વિકાસ પામેલા અને આકર્ષક બનેલા રીલાયન્સ સર્કલ વિસ્તાર ચોવીસ કલાક ટ્રાફીકથી ધમધમી રહ્યો છે. આ રીલાયન્સ સર્કલ પાસે ભારે માત્રામાં વ્યવસાયકારો વ્યવસાય કરી રહ્યા છે અને આ સર્કલ પાસે આવનજાવનના મુખ્ય માર્ગ ઉપર જ મોટો ખાડો પડ્યો છે. જે ખાડાને તંત્રએ ઉપરછલ્લી મરામત કરી ત્રણ વખત પ્રયાસ કર્યો છે પરંતુ પરિસ્થિતિ યથાવત જ રહી છે. દિવસ-રાત ટ્રાફીકથી ધમધમતા આ સર્કલે વાહનો અજાણતાં જ આ ખાડામાં પટકાઈ રહ્યા છે જે જીવલેણ પણ બની રહેવાની સંભાવના રહી છે. ત્યારે વાહનચાલકોએ યોગ્ય મરામત કરવાની માંગ સાથે આક્રોશ ઠાલવી રહ્યા છે.

રીલાયન્સ સર્કલથી ઈન્ફોસીટી, રક્ષાશક્તિ સર્કલ, સરગાસણ ચોકડી તેમજ ધોળાકુવા તરફ આવનજાવન થઈ શકે છે. દિવસ-રાત દરમ્યાન આ સર્કલ થઈ નાના-મોટા અનેક વાહનોની ભરચક આવન-જાવન રહે છે. તેમજ તમામ પ્રકારના ધંધા, શાળાઓ, દવાખાના આ સર્કલ નજીક આવેલા છે. જેથી ટ્રાફીક સમસ્યા પણ રહે છે. આ સર્કલની બાજુમાં જ એક મસમોટો ખાડો ઘણા સમયથી પડ્યો છે. તાજેતરમાં નેતાઓ દ્વારા નજીકમાં કરોયલા ઓવરબ્રિજના લોકાર્પણ સમયે તંત્રએ આ ખાડો પૂરી મરામત કરી હતી પરંતુ ગુણવત્તા વગરની વારંવારની મરામતથી અહીં પરિસ્થિતિ યથાવત જ થઈ જાય છે અને તંત્રના થિંગડા મારવાના પ્રયાસો નિરર્થક બને છે. આ સર્કલથી ચોવીસ કલાક નજીકમાં બનતી બાંધકામ સાઈટો ઉપર કપચી, રેતી તથા અન્ય મટીરીયલ્સ લઈને ભારવાહક ટ્રકો પસાર થાય છે. સાથોસાથ દૈનિક આવનજાવન કરતાં અસંખ્ય વાહનચાલકો પણ આ માર્ગને પસંદ કરે છે પંરતુ સર્કલ પાસેના ખાડા થકી વળાંક વધુ લેવાની સ્થિતિ સર્જાતા ટ્રાફીક જામની સમસ્યા પણ થઈ રહી છે. વધુમાં પરિવાર સાથે ટુ વ્હીલર પર નિકળતાં વાહનચાલકો અજાણતાં જો ખાડામાં આવી જાય તો જીવલેણ અકસ્માત સંભવિત બની શકે છે. વારંવારની મરામત છતાં ખાડો પૂરી ન શકતુ તંત્ર લોકોના નાણાંનો વ્યય કરે છે ત્યારે યોગ્ય અને મજબૂતી સાથે વ્યવસ્થિત કામગીરી હાથ ધરાય તેવી વાહનચાલકોએ વ્યથા ઠાલવી છે.




## ખૂણેખાંચરેથી

- રાજ્ય સરકારે મોહરમની રજા ૨૦મીએ જાહેર કરતાં આ દિવસે રાખવામાં આવેલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીંગ બોડીની બેઠક ૨જી સપ્ટેમ્બરના રોજ યોજાશે.
- ગાંધીનગર મનપાની ચૂંટણીઓ સપ્ટેમ્બરના અંતમાં યોજવાની અટકળોએ રાજકીય વાતાવરણને વધુ ઉત્તેજીત બનાવ્યુ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- સચિવાલય સંકુલમાં પ્રવેશ નિયંત્રણો હળવા કરવામાં આવે તેવી લોકોની લાગણી છે.
- પ્રધાનમંત્રી મોદીની સપ્ટેમ્બરની સૂચિત મુલાકાતને લઈ આજે શિક્ષણમંત્રી, શિક્ષણના અધિકારીઓ, મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના અધિકારીઓની મુખ્યમંત્રીએ બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેરમાં ૩ દિવસના મીની વેકેશન બાદ આજે કચેરીઓ ખુલી હતી પરંતુ અધિકારીઓ બેઠકોમાં વ્યસ્ત રહ્યા હતા.
- માહિતી ખાતાના પૂર્વ નાયબ માહિતી નિયામક બિપીનભાઈ યાજ્ઞિકનું દુઃખદ અવસાન થયુ છે.
- કેનેડામાં વસતા સરઢવના વતનીઓની સંસ્થા સરઢવ પરિવારનું ૧૫મી ઓગષ્ટે સ્નેહમિલન યોજાયુ હતુ અને તે પરિવારોએ સ્વાતંત્ર્ય પર્વની પણ ઉજવણી કરી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**હુ તો સમજી ગયો કે આપણે પગે જ ચાલવાની પેક્ટીસ જ કરવાની છે. પહેલા પેટ્રોલ સો રૂપિયે અને હવે પંદર વર્ષ જુના વાહનો ભંગારમાં આલી દેવા ના...!!**

# રાંધેજા સહકારી મંડળીના પૂર્વ ચેરમેન-સેક્રેટરી સામે રૂ.૭.૨૨ લાખની ઉચાપતની ફરીયાદ

## રૂપીયાની રસીદો ખેડુતોને આપી હતી,પરંતુ રસીદો મુજબના નાણા રોજમેળમાં જમા નહી કરીને ઉચાપત આચરી

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંધેજા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. ખાતે તા.૧-૪-૧૯ થી તા.૩૧-૩-૨૦ સમયગાળા દરમિયાન મંડળીના પૂર્વ ચેરમેન તેમજ સેક્રેટરીએ ખેડુતોની મંજુર થયેલી લોન પૈકી લોન ભરપાઈ કરવા માટે સભાસદો પાસેથી લીધેલા રોકડા રૂપીયા અંગે રસીદો ખેડુતોને આપી હતી. પરંતુ રસીદો મુજબના રૂપીયા રોજમેળમાં જમા નહી લઈ કુલ રૂ.૭.૨૨ લાખની ઉચાપત તેમજ રૂ.૮૮.૫૦૦ ની રકમ મોડી જમા કરાવી ઉચાપત કરતા મંડળીના ચેરમેન અને સેક્રેટરી સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

રાંધેજા ખાતે રહેતા બળદેવભાઈ બાપુદાસ પટેલ તા.૮-૩-૨૦ થી રાંધેજા ગામની વિવિધ સહકારી મંડળીના ચેરમેન તરીકે કાર્યરત છે. જયારે વાઈસ ચેરમેન તરીકે શીવાભાઈ ભીખાભાઈ ત્રિવેદી, સેક્રેટરી તરીકે રમણભાઈ પટેલ તેમજ કલાર્ક તરીકે પ્રવિણભાઈ ત્રિવેદી ફરજ બજાવે છે. ઉપરોકત મંડળીનુ કાર્ય ખેડુતોને સહકારી ધોરણે લોન આપવાની તેમજ ખાતર-બિયારણ વેંચાણ કરવાનું કાર્ય કરે છે. રાંધેજા ગામની મંડળી વર્ષો જુની છે. મંડળી ખાતે દર પાંચ વર્ષે કારોબારીની ચુંટણી થાય છે. મંડળી ખાતે ૬૦૦ ખેડુત ખાતેદાર સભાસદો છે. મંડળી તરફથી ખેડુતોને કિસાન મિત્ર લોન તેમજ કે.સી.સી. લોન સહકારી ધોરણે ઓછા વ્યાજે આપવામાં આવે છે. જે ખેડુતને લોનની જરુર હોય તે નિયત ફોર્મ ભરે તે પછી મંડળીના ચેરમેન અને સેક્રેટરીની સહી બાદ બેંક ના અધિકારી લોન મંજુર કરતા હોય છે. લોનની રકમ બેંક મંડળીના એકાઉન્ટમાં જમા કરાવે છે. ત્યારબાદ મંડળી દ્વારા ખેડુતના એકાઉન્ટમાં લોનની રકમ જમા કરાવામાં આવે છે. તેવી જ રીતે લોન ભરપાઈ માટે પણ લોન લેનાર ખાતેદાર મંડળીમાં જાણ કરે છે. તે પછી સેક્રેટરી મંડળીની પાવતી આપે તે પછી રૂપીયા ખેડુત પોતે બેંકમાં લીધેલી લોનના રૂપીયા જમા કરાવે છે. મંડળીનું દર બે વર્ષે સબ રજીસ્ટ્રારની કચેરી ખાતે થી ઓડીટ થાય છે. ૧-૪-૧૯ થી ૩૧-૩-૨૦ સુધીનું ઓડીટ હાથ ધર્યુ હતું. જેમાં કુલ-૭ ખેડુત ખાતેદારના નામે મંડળીના ચેરમેન તેમજ સેક્રેટરીએ ખેડુતના નામે લીધેલી કે.સી.સી. તેમજ કૃષિ તત્કાલ લોન અંગે ઉચાપતનો અહેવાલ તા.૩-૪-૨૧ ના રોજ આપ્યો હતો. રાંધેજાની વિવિધ મંડળી ખાતે ચેરમેન તરીકે રહેલા બળદેવભાઈ શંકરભાઈ પટેલ, વાઈસ ચેરમેન સંજય ભીખાભાઈ ત્રિવેદી તેમજ સેક્રેટરી તરીકે બાબુગીરી આનંદગીરી ગોસ્વામી હતા. ખેડુતોએ લોનના નાણા જમા કરાવ્યા હતા, તેની રસીદો પણ આપવામાં આવી હતી. રૂપીયા રોજમેળમાં જમા નહી કરીને બે શખ્સોએ કુલ ૭.૨૨ લાખના ઉચાપત કરતા ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# સરગાસણ ટેન્જેન્ટના પાર્કિંગમાંથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર સરગાસણ ચોકડી પાસે આવેલા ટેન્જેન્ટ કોમ્પ્લેક્ષના પાર્કિંગમાં પાર્ક કરેલા એકટીવાની ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસે રૂ.૨૦ હજારના એકટીવા ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સરગાસણ મધુરમ ગ્રીન્સ બ્લોક નં.કે.૫૦૩ ખાતે રહેતા પરેશભાઈ દુલાભાઈ જણકાર (ઉં.૨૫) એમ.વી.ચૌધરી નામની કંન્ટ્રકશનની ઓફિસ ખાતે છેલ્લા ત્રણ વર્ષથી નોકરી કરે છે.જયારે ઓફિસના એકટીવા નં.જી.જે.૦૮.એ.એફ.-૩૪૫૬ નો ઉપયોગ ઓફિસ કામ માટે કરતો હતો. બે માસ અગાઉ ઓફિસ નીચેના પાર્કિંગમાં લોક મારી એકટીવા મુકીને પરેશ વતન ગયો હતો. ત્યારબાદ વતન થી પરત ફરીને ઓફિસ આવ્યા હતો.જયારે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં ઓફિસના કામ માટે જવાનું હોવાથી પાર્કિંગમાં એકટીવા લેવા ગયા તો તે જગ્યા પર ન હતું. એકટીવા અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી છતા ના મળી આવતા રૂ.૨૦ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



સેક્ટર-૩૦ના અંબાજી મંદિરનો પ્રતિષ્ઠા દિવસ ધામધૂમથી ઉજવાયો હતો. અંબિકા સેવા મંડળ દ્વારા ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માઈ ભક્તોએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

# મનરેગાની નબળી કામગીરી અંગે સરકારે તંત્રનો વધુ એક વખત કાન આમળ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં મનરેગાની નબળી કામગીરીને લઈ વધુ એક વખત ગ્રામ વિકાસ કમિશનરની કચેરીએ જિલ્લાતંત્રનો કાન આમળ્યો છે.

જિલ્લામાં મનરેગાની કામગીરી થકી રોજગારી નિર્માણના મુખ્ય ઉદ્દેશ્યમાં જ તંત્રની ઉદાસીનતા જણાઈ આવી છે.

મળતી વિગતો પ્રમાણે લેબર બજેટના માહે જુલાઈ અંતિત માત્ર ૨.૪૧ લાખ માનવદિન રોજગારીનું ઉત્પાદન થયેલ છે. જે માત્ર ૨૮ ટકા જેટલી જ પ્રગતિ દર્શાવતી હોવાનું ગ્રામ વિકાસ કમિશનરની કચેરીના સૂત્રોનું કહેવુ છે.

નાણાંકીય આયોજન મુજબ પણ માત્ર ૨૩ ટકા જ બજેટ વપરાયુ છે. સૌથી ચોંકાવનારી બાબત એ ધ્યાને આવી છે કે ૨૯ ગામોમાં મનરેગા અંતર્ગત કોઈ જ કામગીરી થઈ નથી. માલસામાન પાછળ પણ ૨૦ ટકા જેટલો જ ખર્ચ થયો હોવાનું ધ્યાને આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લામાં મનરેગાની સતત નબળી કામગીરી અંગેના ચોંકાવનારા અવલોકનો રાજયકક્ષાએથી મળતાં જિલ્લાતંત્રમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

જો કે જિલ્લાતંત્રના સૂત્રોનું કહેવુ છે કે કોરોનાની મહામારીને કારણે બધાજ કામો બંધ થયા હતા અને લોકો પણ બહાર આવતા ગભરાયા હતા. હજુ પણ કોરોનાનો ભય લોકોમાં છે. પરિસ્થિતિ ધીરે ધીરે થાળે પડી રહી છે.

આ સૂત્રોએ બચાવ કરતાં જણાવ્યુ છે કે આગામી દિવસોમાં મનરેગાની કામગીરી સઘન બનાવવામાં આવશે અને જે અંદાજો લેબર બજેટમાં છે તે પ્રમાણે રોજગારીની તકોનું નિર્માણ થશે.

# ઉવારસદ પાસે ટેમ્પો ચાલકની જયુપીટરને ટક્કર, નિવૃત પીએસઆઈ ઘાયલ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ઉવારસદ ડેન્ટલ કોલેજ પાસે સાંજના સુમારે ટેમ્પો ચાલકે જયુપીટરને પાછળના ભાગે થી ટક્કર મારતા નિવૃત પીએસઆઈ નીચે પડી ગયા હતા. જયારે ટેમ્પો તેમના શરીર પરથી પસાર થઈ જતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તને તાત્કાલી સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ટેમ્પો ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેન્દ્રસિંહજી શિવાજી ખેર (ઉં.૬૭ હાલ રહે.બી-૭૬ કલ્પતરુ મિલેનીયમ સોસાયટી ઝુંડાલ ગામ મુળ રહે. સોજા ગામ) વર્ષ ૨૦૧૩ થી પીએસઆઈ તરીકે નિવૃત જીવન ગુજારે છે અને આવન જાવન માટે જયુપીટર નં.જી.જે.૧૮ડી.જે.-૮૭૧૮નો ઉપયોગ કરે છે.ગત તા.૧૧ ઓગસ્ટના રોજ મહેન્દ્રસિંહ ખેર વતન સોજા ખાતે ગયા હતા. ત્યારબાદ સાંજના સુમારે સોજા થી ઝુંડાલ જવા માટે રવાના થયા હતા.તે સમયે ઉવારસદ ડેન્ટલ કોલેજ પાસે અડાલજ જવાના માર્ગ પર ચાલકે પોતાનો ટેમ્પા નં. જી.જે.૦૧.ડી.યુ.-૬૩૯૧ બેદરકારી અને ગફલતભરી રીતે હંકારતા પાછળથી જયુપીટરને ટક્કર મારી હતી. ત્યારે નીચે પટકાયેલા નિવૃત પીએસઆઈના ડાબા પગ અને જમણા હાથ પરથી ટેમ્પો પસાર થઈ જતા ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ટેમ્પો ચાલકને નામ પુછતા તેણે પરશારામ તેજારામ જાટોલીયા (સરકારી ઈન્દીરા વસાહત, ચાણક્યપુરી અમદાવાદ) હોવાનું સામે આવ્યું હતું. જયારે ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં ડાબા પગના ઘુંટણ તેમજ પાંસળીમાં ફ્રેકચર અને જમણા હાથના કાડા તેમજ આંગળીમાં ઈજા થતા નિવૃત પીએસઆઈએ ટેમ્પો ચાલક સામે ફરીયાદ નોંધાવતા અડાલજ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.




**ટોરેન્ટ પાવરનો કેબલ ચોરી કરનાર ત્રણ શખ્સો ઝડપાયા**

ટોરેન્ટ પાવર પ્રા.લિ.મી.કંપનીના ચોરી કરેલા કેબલ વાયર ૧૩૫ કિલો ગ્રામ કિં.રૂ.૧૨,૦૦૦ સાથે ત્રણ શખ્સોને સેકટર-૧૫ ગોપાલક છાત્રાલય પાસેથી એલસીબી પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે આ શખ્સો પાસેથી બાઈક કિં.૨૦ હજાર, બે મોબાઈલ ફોન કિં.૧૦ હજાર મળી કુલ રૂ.૪૨ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરમાં ઘેર ઘેર બિમારીના ખાટલા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં ૠતુજન્ય રોગચાળાએ માંથુ ઉંચક્યું છે. શહેરમાં ઘેર ઘરે બિમારીના ખાટલા છે. છેલ્લા અઠવાડીયમાં મેલેરીયાના કેસમાં બમણા થયા છે. જયારે ડેન્ગ્યુના કેસમાં સામાન્ય ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં વાઈરલ બિમારીને પગલે સાંજ ઢળતા જ વિવિધ સેકટર્સમાં ડોકટરોના કલીનીક પર દર્દથી કણસી રહેલા દર્દીઓની ભારે ભીડ જોવા મળે છે. ત્યારે છેલ્લા અઠવાડીયામા સિવિલના ચોપડે મેલેરીયા-૪૭, ડેન્ગ્યું-૨૦, ઝેરી મેલેરીયા-૪, ચિકનગુનીયા-૪ અને ટાઈફોઈડના ૮ કેસ નોંધાયા છે. શહેરમાં વધતા જતા રોગચાળાને પગલે આરોગ્ય તંત્ર પણ ચિંતામાં જોવા મળી રહ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં કોરોનાનો કહેર ઘટતા જ ૠતુજન્ય રોગચાળો વકર્યો હોય તેમ લાગી રહ્યું છે. શહેરની સિવિલ હોસ્પિટલની મેડીસીન ઓપીડી દર્દીઓથી ઉભરાય છે. શહેરમાં તંત્રએ સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી છે. પરંતુ જે રીતે પરિસ્થિતિ વળાંક લઈ રહી છે તેનાથી તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાની સાથે સાથે વાઈરલ ફીવરની બિમારીએ પણ ભારે જોર પકડ્યું છે. શહેરમાં વાઈરલ ફીવરની બિમારીના કેસો સતત વધી રહ્યા છે. એટલુ જ નહી સિવિલની ઓપીડીમાં વાઈરલ ફીવરના કેસોની સંખ્યા પણ વધી જવા પામી છે.

શહેરમાં આ વખતે વરસાદ ઓછો હોવાને કારણે વાહકજન્ય રોગચાળાની સ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવશે તેવો વિશ્વાસ તંત્રના સુત્રો વ્યકત કરી રહ્યા છે. ૨૦૨૨ માં મેલેરીયા નાબુદીનો લક્ષ્યાંક સરકારે આપ્યો છે.પરંતુ જે કેસો નોંધાયા છે તે જોતા આ લક્ષ્યાંક સિધ્ધી અશક્ય લાગી રહી છે. શહેરમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે તંત્રએ ખાસ રોડ મેપ પણ તૈયાર કર્યો છે.

# રાસેયો સાદરા દ્વારા મલેરિયા અને ડેંગ્યુના બચાવ માટે એન્ટીલાર્વલ પ્રવૃત્તિ

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વચ્છતા પખવાડા અંતર્ગત મલેરિયા અને ડેંગ્યુના બચાવ માટે એન્ટીલાર્વલ પ્રવૃત્તિ કરવામાં આવી હતી જેમાં મુખ્ય ભૂમિકા ગ્રામસેવા સંકુલ, સાદરાના ડૉ. નયનેશ ભાઈ વસાવાની રહી હતી. રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વય સેવકોને તાલીમ આપવાનું કામ ડૉ. નયનેશ વસાવા સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતુ પછી સ્વયં સેવકોને એન્ટીલાર્વલ દવા તૈયાર કરી બોટલમાં ભરી આપી દેવામાં આવી હતી અને સ્વય સેવકોએ આખા સાદરા પરિસર અને પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના પરિસર અને ગામમાં જ્યાં જ્યાં ગંદુ પાણી રોકાયેલો હોય છે ત્યાં આ દવા નાખી દેવામાં આવે છે જેનાથી મચ્છર પૈદા થવાનો અટકાવી શકાય છે અને મલેરિયા અને ડેંગ્યુ જેવી ભયંકર બીમારીની સામે એડવાન્સમાં પગલા લઈ મલેરિયા અને ડેંગ્યુને નાબુદ કરી શકાય છે પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના પરિસરમાં આ પ્રવૃત્તિ કઈ રીતે કરવાની છે તેનું આયોજન આચાર્ય તેજસભાઈ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિના આયોજન અને સંચાલનમાં સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની વિશેષ ભૂમિકા રહી હતી કાર્યક્રમ પ્રત્યે આભાર ડૉ. અરવિંદભાઈ રામી દ્વારા કરવામાં આવ્યું હતું.



# શ્રીસ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક સેકટર ૨૨ ગાંધીનગર ખાતે ડિપ્લોમા એન્જિનિયરિંગની ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ, કોમ્પ્યુટર, અને ઓટોમોબાઈલના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે ભારતની ખ્યાતનામ એવી રાણે એન.એસ.કે. સ્ટીયરિંગ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા તા. ૧૭ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ કેમ્પસ ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ૬૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શરૂઆતમાં કંપની દ્વારા વિદ્યાર્થીઓને કંપની વિશે માહિતી આપવામાં આવી હતી. કંપનીના હર્ષિત ચૌહાણ (એચ.આર-સિનિયર એક્સિક્યુટીવ)એ જણાવ્યું હતું કે રાણે એન.એસ.કે. સ્ટીયરિંગ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા જાપાની કંપની સાથે જોડાયેલ છે અને છેલ્લા ૨૨ વર્ષથી ખ્યાતનામ ઓટોમોબાઈલ કંપનીઓ જેવી કે ટાટા, મારુતિ, હ્યુન્ડાઈ, મહિન્દ્રા વગેરે માટે સ્ટીયરીંગ સિસ્ટમ અને એન્જિન વાલ સપ્લાય કરે છે. આ ઈંટરવ્યુ ચાંગોદર ખાતે શરૂ થયેલ પ્લાન્ટ માટે યોજાયા હતા, જેમા પ્રથમ રાઉન્ડના અંતે ઓટોમોબાઈલના ૧૦, મિકેનિકલના ૩, કોમ્પ્યુટરના ૧ અને ઈલેક્ટ્રિકલના ૪ વિદ્યાર્થીઓની પંસદગી કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા રાઉન્ડના અંતે જેમાં જુદી-જુદી શાખાના ૧૧ જેટલા વિદ્યાર્થીઓની ફાઇનલ પ્લેસમેન્ટ માટે પસંદગી કરવામાં આવી હતી. સમગ્ર કેમ્પસ ઈંટરવ્યુનું સંસ્થાના પ્રિન્સિપાલ, એકેડમિક ડાયરેક્ટર અને સ્ટાફ દ્વારા સફળ આયોજન કરી સંપન્ન કરવામાં આવ્યું હતું.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ દામન પ્રણવ ઠાકર હતું તે બદલીને નવું નામ દામન પ્રણવભાઈ ઠાકર કરેલ છે.

સરનામું : ૩૭૪/એ/૧, એકતા ચોક, સેક્ટર-૮, ગાંધીનગર

**નામ બદલેલ છે**

મારું જુનું નામ પ્રણવ હર્ષદરાય ઠાકર હતું તે બદલીને નવું નામ પ્રણવભાઈ હર્ષદરાય ઠાકર કરેલ છે.

સરનામું : ૩૭૪/એ/૧, એકતા ચોક, સેક્ટર-૮, ગાંધીનગર